ભર ચોમાસે બિહામણું ચિત્ર

# સાબરકાંઠામાં ૩૯ ટકા, અરવલ્લીમાં માત્ર ૩૧ ટકા વરસાદથી ઉચાટ

## 3 હજાર ચેકડેમ, ૯૦૦ તળાવ ખાલીખમ, સ્થિતિ વિકટ

બાયડ, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં તા. ૫ સપ્ટેમ્બર સુધીમાં મોસમનો માત્ર ૩૯ ટકા, અરવલ્લીમાં ૩૧ ટકા વરસાદથી ઉચાટ જોવા મળ્યો છે. હાલની સ્થિતિઓ ૧૪ તાલુકામાં ૩ હજાર ચેકડેમ, ૯૦૦ તળાવ, ૯ જળાશય ખાલીખમ જેવી સ્થિતિમાં છે. ભારે વરસાદ નહી વરસે તો ગંભીર જળસંકટની સમસ્યા જડબુ ફાળી રહી છે.

વરસાદની અટકચાળાથી પ્રજા-ખેડૂત-વેપારી ચિંતિત છે. સતત વરસાદની ખાધમાં વધારો થઈ રહ્યો છે. ભર ચોમાસે આકાશમાંથી ધોધમાર વરસાદ વરસવાના બદલે પાછલા ૨ દિવસથી આગના ગોળા વરસી રહ્યા છે. ગત વર્ષની સરખામણીએ સાબરકાંઠા-અરવલ્લીમાં વરસાદની ઘટ ૬૬ ટકાથી વધુ છે. ૫

ારંતુ છેલ્લા ૨ દિવસથી પરોઢે ઠંડો પવન અનુભવાય છે જેથી ચોમાસુ દગો તો નહી આપે ને તેની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે. જિલ્લામાં પાણીના સંગ્રહ કરનારા ચેકડેમ-તળાવ સંપૂર્ણ ખાલી ખમ છે. ઓછા વરસાદથી ભુગર્ભ જળસ્ત્રોતો ૧ થી દોઢ મીટર ઊંડા ઉતરી રહ્યા છે. જેથી ચિંતા વધુ હાવી થઈ છે.

જ્યારે સોમવારે શ્રાવણ મહિનાનો અંતિમ દિવસ છે. છતાં ભોળાનાથના ભક્તો આ વખતે ઓછા વરસાદના કારણે ચિંતિત જણાઈ રહ્યા છે. જિલ્લામાં શ્રીકાર વર્ષા નહીં થાય તો આગામી દિવસોમાં મોંઘવારી હાવી થવાની સાથે અનેક સમસ્યાઓ વધવાની દહેશત છે.

**જિલ્લામાં વરસાદની ટકાવારી**

| તાલુકો | વરસાદ ટકામાં |
|---|---|
| હિંમતનગર | ૩૧.૮૬ ટકા |
| ઈડર | ૩૦.૨૮ |
| ખેડબ્રહ્મા | ૨૮.૮૪ |
| પોશીના | ૪૫.૧૦ |
| પ્રાંતિજ | ૪૫.૪૦ |
| તલોદ | ૩૬.૧૨ |
| વડાલી | ૪૭.૦૧ |
| વિજયનગર | ૫૨.૫૬ |
| બાયડ | ૪૧.૬૩ |
| ભિલોડા | ૧૯.૭૬ |
| ધનસુરા | ૨૭.૫૯ |
| માલપુર | ૨૭.૫૧ |
| મેઘરજ | ૨૯.૩૨ |
| મોડાસા | ૪૧.૫૫ |

### ઉત્તર ગુજરાતમાં ફરી વરસાદની સિસ્ટમ સક્રિય

## રાજ્યના અનેક વિસ્તારમાં આજથી વરસાદની સંભાવના

બાયડ, તા. ૫

રાજ્યમાં વરસાદની ફરી એક સિસ્ટમ સક્રિય થતાં ખેડૂતો માટે ખુશાલી જોવા મળી છે. આજે સોમવારથી રાજ્યના અનેક વિસ્તારોમાં હળવા-મધ્યમ વરસાદની શરૂઆત થઈ શકે છે.

વરસાદની ઘટ સતત વધી રહી છે. ઉત્તર ગુજરાતના જળાશયોમાં માત્ર ૧૬ ટકા સરેરાશ પાણીનો જથ્થો છે. ભારે વરસાદ નહી વરસે તો એક પખવાડીયામાં જળાશયોમાંથી મોટાભાગનું પાણી અદશ્ય થઈ શકે તો શહેરી વિસ્તારોમાં પીવાના પાણીનું સંકટ ઉભું થઈ શકે છે. અરબી સમુદ્રમાં સાયક્લોનિક સરક્યુલેશન ઉભુ થયુ છે તે જોતાં રાજ્યના દક્ષિણ ગુજરાત સહીત અનેક વિસ્તારોમાં વરસાદ વરસવાની સંભાવના છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વરસાદની ઘટ ૬૫ ટકાથી વધુ છે.

ધોધમાર વરસાદ નહી વરસે તો શિયાળાના આરંભે પ્રજા માટે પાણી સંકટ મુખ્ય મુદ્દો બની શકે છે. ઓછા વરસાદથી પાણીના તળ ઊંડા ઉતરી રહ્યા છે. કેટલાક હેન્ડપંપ પાણી છોડી રહ્યા છે. ખેડૂતોને પણ સિંચાઈના કલાક ઘટાડવાની નોબત આવી શકે છે. રવિવાર સવારે જિલ્લામાં આકરા તાપથી ખેડૂતો ફરી ચિંતિત જણાય છે.



### આકરૂન્દ હાઈસ્કુલના બાળકોને પ્રસાદનું વિતરણ

ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલમાં અભ્યાસ કરતા ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને નિવૃત્ત આચાર્ય અને આકરૂન્દ કેળવણી મંડળના કો.ઓપ્ટ મહિલા સભ્ય શારદાબેન હીરાભાઈ પટેલ પરિવાર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. પવિત્ર શ્રાવણ માસમાં કોરોનાના કારણે અનેક બાળકો આ વર્ષે પણ સામૂહીક ભોજનથી વંચિત રહ્યા છે. પરંતુ અનેક શિક્ષક જીવ શાળામાં બાળકોને ભોજન ન પીરસાય તો કંઈ નહીં પરંતુ ઘરેથી પ્રસાદ તૈયાર કરીને બાળકોને આપવામાં આવી રહ્યા છે અને પ્રસાદ આરોગતી વખતે મલકાતા બાળકોને જોઈને આવા પરિવારો ખુશી વ્યક્ત કરતા હોય છે. આકરૂન્દ ગામના હીરાભાઈ મનોરભાઈ પટેલ પરિવાર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે આકરૂન્દ હાઈસ્કુલમાં ધો.૯ થી ૧૨માં અભ્યાસ કરતા ૬૫૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ તમામ બાળકો અને શાળા પરિવાર કોરોનાથી મુક્ત રહે તે માટે ભગવાન શિવજીને પ્રાર્થના કરી હતી.

### ડાકણ પણ એક ઘર છોડે છે !! વેપારીઓની વ્યથા

## સાબરકાંઠામાં બિયારણ-રાસાયણીક દવાઓની દુકાનમાંથી પાંચ હજારનું ઉઘરાણું

### આક્ષેપમાં તથ્ય છે કે નહી - વિભાગ તપાસ કરાવે

બાયડ, તા. ૫

સાબરકાંઠા જિલ્લામાં બિયારણ અને રાસાયણીક દવાઓનો વેપાર કરતા વેપારીઓની દુકાનેથી રૂ. ૫-૫ હજારનું ઉઘરાણું દુકાન દીઠ શરૂ થયાની લોક ચર્ચાએ ચકચાર જગાવી છે. ઉઘરાણાખોર ભ્રષ્ટાચારીઓ સામે આક્રોશ વેરતાં કેટલાક દુકાનદારોએ જણાવ્યું છે કે ડાકણ પણ એક ઘર છોડે છે !!

જિલ્લામાં ખાતર-બિયારણ-દવાનો વેપાર કરતા વેપારીઓને સાબરકાંઠા જિલ્લામાં ખંખેરવાનો પેતરો શરૂ થયો છે. અગાઉ બનાવટી ખાતર, દવાઓના જથ્થા મળ્યા પછી પાછલા બારણે તપાસનો સંકેલો થયો છે. અને હવે જિલ્લાના હિંમતનગર-ઈડર,વડાલી-ખેડબ્રહ્મા-પોશીના-વિજયનગર-તલોદ-હિંમતનગરમાં બિયારણ-રાસાયણીક દવા-ખાતરનો વેપાર કરતા વેપારીઓના દુકાનમાં જઈ વેપારી દીઠ ઉઘરાણું શરૂ થયાની ગરમાગરમ લોકચર્ચાએ હલચલ મચાવી છે. આ વિસ્તારમાં ફરજ બજાવતા અધિકારીઓના મોબાઈલ ટ્રેસ થાય તો કયા દિવસે કયા વિસ્તારની મુલાકાત કરી તેની વિગતો પ્રકાશમાં આવશે. જિલ્લામાં અંદાજીત ૪૦૦ દુકાનો હોય તો પણ દુકાન દીઠ રૂ. ૫ હજારના ઉઘરાણા પ્રમાણે કેટલી રકમ ખંખેરાવી હશે તેનો હિસાબ માંડવો જોઈએ. લોક ચર્ચામાં તથ્ય છે કે કેમ તેની રાજ્ય કક્ષાએથી તપાસ થવી જરૂરી છે. જિલ્લામાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓએ કેટલીક દુકાનોમાં ભાગીદારી કર્યાની પણ ચર્ચા જોરમાં છે.

## ઉત્તર ગુજરાતના ૩૩ હજાર પ્રાથમિક શિક્ષકોમાં શાળા સમય અંગે ઉગ્ર રોષ

### માત્ર શિક્ષકોને પજવવાનો પેંતરો હોવાના આરોપ

બાયડ, તા. ૫

રાજ્યની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોને આર.ટી.ઈ. એક્ટ મુજબ શાળામાં ૮ કલાક ફરજ બજાવવાનો આદેશ થતાં ઉત્તર ગુજરાતના ૩૩૦૦૦ થી વધુ પ્રાથમિક શિક્ષકોમાં રોષ વ્યાપ્યો છે. માત્ર શિક્ષકોને પજવવાનો પેતરો હોવાના શિક્ષણ વિભાગ સામે ગંભીર આરોપ લાગ્યા છે.

રાજ્યની સરકારી, ગ્રાન્ટેડ પ્રા. શાળાના શિક્ષકો સરકારની અન્યાયકર્તા નીતિ સામે અગાઉથી રોષ ઠાલવી ચૂક્યા છે. તા. ૨ સપ્ટેમ્બરથી સરકારી-ગ્રાન્ટેડ પ્રા. શાળામાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકો માટે શાળામાં ૮ કલાક ફરજ બજાવવી તેવા ડી.પી.ઓ. કચેરી મારફતે આદેશ પછી સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા જિલ્લાના હજારો પ્રાથમિક શિક્ષકોમાં રોષ વ્યાપ્યો છે. શિક્ષક દિન નિમિત્તે પણ શિક્ષકોએ પોતાના વોટ્સએપ ગૃપમાં સરકાર-શિક્ષણ વિભાગની શિક્ષક વિરૂદ્ધ નીતિ ઉપર આક્રોશ વ્યક્ત કરતા જોવા મળ્યા છે. માત્ર શિક્ષકોને જ નુકશાનકારક હોય તેવો નિર્ણય શિક્ષક સજ્જતા કસોટીના બહિષ્કાર પછી લેવાનું પ્રયોજન શું !! તેવા સવાલ સ્વાભાવિક છે. સરકારનો શિક્ષણ વિભાગ આર.ટી.ઈ. એક્ટના અમલની વાત કરતો હોય તો સરકારે પણ આર.ટી.ઈ. એક્ટ અનુસાર શિક્ષકોને સમાનવેતન-સમાન હક્ક, શાળાઓમાં જરૂરી ભૌતિક સુવિધા, ૧૫૦થી વધુ વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં મુખ્ય શિક્ષક આપવાની જોગવાઈનો સત્વરે અમલ કરવાની માંગ કરી કેટલાક શિક્ષક આગેવાનોએ સરકાર સામે મોરચાની કમાન સંભાળી છે. શાળા સમય મુદ્દે પ્રા. શિક્ષકોમાં રોષ પછી કમઠાણ શરૂ થયુ છે. તે જોતાં આવનારા દિવસોમાં સરકાર વિરૂદ્ધ પ્રાથમિક શિક્ષકોનો જંગ મોટુ સ્વરૂપ ધારણ કરી શકે છે.

### અમલ પહેલાં શિક્ષકોને માત્ર ભણાવવા દો !!

સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકોને શાળામાં દરરોજ ૮ કલાક હાજરના આદેશ પછી શિક્ષકોએ પણ વિભાગ સામે વળતો મોરચો માંડ્યો છે અને આર.ટી.ઈ. એક્ટ ૨૦૦૯ ની જોગવાઈ નં. ૨૭ પ્રમાણે શિક્ષકોને શિક્ષણ સિવાયની કોઈ કામગીરી આપી નથી શકાતી તેવો સ્પષ્ટ ઉલ્લેખ છે જેથી આરટીઈના અમલ પહેલાં શિક્ષકોએ પરીપત્ર કરનારાઓને સાણસામાં લેવાના પ્રયાસ શરૂ કર્યા છે.

### પ્રાંતિજના પીલુદ્રાની યુવતી ગુમ થતાં ફરીયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પીલુદ્રા ગામમાં રહેતી યુવતી કોઈપણ કારણોસર પોતાના ધરેથી ગુમ થતા પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ખબર આપનાર પોપટજી રવાજી મકવાણા ઉ.વર્ષ-૪૫ રહે.પીલુદ્રા તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા કે જેવોની દિકરી ગાયત્રી બેન ઉ.વર્ષ-૧૮ ૭ માસ ૨૫ દિવસ કે પોતાના ધરેથી તા. ૪/૯/૨૧ના રોજ બપોરના સમયે કોઈને ધરમાં કહ્યાં વગર ગુમ થતા શોધ ખોળ બાદ કોઈ જગ્યાએ પતો કે મળી ન આવતા યુવતીના પિતા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં યુવતીની ગુમ થયાની ફરીયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

## હિંમતનગર નજીકથી શંકાસ્પદ તેલનો જથ્થો જપ્ત

### લેબ રીપોર્ટની જોવાતી રાહ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગનો સપાટો

બાયડ, તા. ૫

જિલ્લામાં પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરવાની હાનિકારક પ્રવૃત્તિ વધી છે ત્યારે હિંમતનગર તાલુકાના વિરાવાડા ગામ પાસે આવેલ અપેક્સ પ્રોટિન્સમાંથી તંત્રએ ૩૧૫૩ કિ.ગ્રામ શંકાસ્પદ જથ્થો જપ્ત કરી સેમ્પલ લેબ પરીક્ષણ માટે મોકલતાં તહલકો મચ્યો છે. મોતી બ્રાન્ડ સરસીયાનું તેલ ખરીદનારા વેપારીઓની ઉંઘ હરામ થઈ ગઈ છે.

બનાવટી દૂધ, દવા, ઘી, મરચુ, હળદર, મીઠાઈના વેપલાએ પ્રજાના આરોગ્યને ગંભીર અસર પહોંચાડી છે. જિલ્લાના વડા મથકમાં કોરોના દરમ્યાન રેમડેસીવર ઈન્જેકશનના કાળા બજારનો વેપલો પણ ઝડપાયો હતો. જ્યારે વિરાવાડા ગામના સીમાડામાં આવેલ મો. અપેક્સ પ્રોટિન્સમાં શંકાસ્પદ તેલનો જથ્થો હોવાની બાતમીના આધારે વિભાગના અધિકારીઓની ટીમે ઓચિંતી તપાસ હાથ ધરી મોતી બ્રાન્ડ અને રાઈસ બ્રાન્ડ સોઈલનો માતબર જથ્થો શંકાસ્પદ હોવાનું માની જપ્ત કરી સેમ્પલ લેવામાં આવ્યા છે. સેમ્પલનો રીપોર્ટ ક્યારે આવશે તેના ઉપર તંત્ર અને જિલ્લાની પ્રજા તેમજ વેપારીઓની નજર છે. જો તેલનો જથ્થો બનાવટી હોવાનું માલુમ પડશે તો તેલ ખરીદનારા વેપારીઓના ઘર સુધી તપાસનો રેલો જઈ શકે છે.

### મોડાસાના ખડોદા દૂધમંડળીના વહીવટ સામે પશુપાલકોનો વિરોધ

ખડોદા ગામે આવેલી દૂધ ઉત્પાદક મંડળીમાં વહીવટમાં ભારે ગોબાચારી ચાલતી હોવાથી પશુપાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે દૂધ મંડળીમાં તોલમાપમાં છેડછાડ કરી ૧૫ લિટરે ૧ લીટર દૂધની ઘટ બતાવી રહી છે તેમજ ફેટમાં પણ કર્મચારીઓ મનફાવે તે રીતે દૂધના ફેટ આપતા હોવાથી દૂધ ઉત્પાદકોને ભારે નુકશાન ભોગવવું પડી રહ્યું છે દૂધ ભરાવતા લોકોના જણાવ્યા અનુસાર આ અંગે દૂધ મંડળીમાં રજુઆત કરવા જઈએ તો દૂધ મંડળીમાંથી તમારાથી જે થાય તે કરી લો કહી પશુપાલકોને અપમાનીત કરવામાં આવે છે.

## શિક્ષક દિનની ઉજવણી : અરવલ્લી જિલ્લાના ૧૪ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન

બાયડ તા.૫

અરવલ્લી જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકોના સન્માન સમારંભ કાર્યક્રમ ૫, સપ્ટેમ્બરે ગુજરાત રાજયના બિન અનામત વર્ગોના અયોગના ઉપાધ્યાક્ષશ્રી રશ્મિભાઈ પંડયાના અધ્યક્ષ સ્થાને અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં મ.લા ગાંધી કોલેજ કેમ્પસ ભામશા હોલ મોડાસા યોજવામાં આવ્યો.



આ પ્રસંગે શ્રી રશ્મિભાઈ પંડયાએ પ્રાસંગિક પ્રવચનમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડાં.સર્વપલ્લી રાધાકૃષ્ણનને જન્મ જયંતીએ તેમને યાદ કરતાં જેમણે સંસ્કાર અને સિંચન કરી દેશની પ્રગતિ માટે વિધાર્થીઓને તૈયાર કર્યા છે તેમને આજે ભારત દેશમાં શિક્ષણ ક્ષંત્રે શિક્ષકોએ જ્ઞાનની ગંગા સતત વહેતી રાખી છે. શિક્ષકો જ્ઞાનના સ્ત્રોતને ગામડાના છેવાડા વિસ્તાર સુધી પંહોચાડ્યું છે. તેમને તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં જ્ઞાનના દિપને પ્રજ્ઝવલિત કરવાના યજ્ઞની વાત કરતા જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરીને દિકરીઓના ડ્રોપ આઉટ રેશિયાને ઘટાડ્યો છે. જયારે ગુણોત્સવ થકી શિક્ષણમાં ગુણાત્મક પરીવર્તન લાવ્યા છે. જેમાં શાળામાં ખૂટતી ભૌતિક સુવિધાઓ સજ્જ કરી છે. શાળામાં કમ્પ્યૂટર લેબનું નિર્માણ કરીને આધુનિક શિક્ષણની પ્રણાલીની રાજ્ય સરકારે શરૂ કરી છે. આવા કોરાના મહામારીમાં પણ વિધાર્થીઓનો અભ્યાસ બગડયો નથી ઓનલાઈન શિક્ષણ અને શેરીઓમાં પણ શિક્ષણ કાર્ય ચાલુ રાખી બાળકોને અભ્યાસ પ્રત્યે પુરતુ ધ્યાન આપી તેમની ફરજ તેમને અદા કરી જે ખરેખર પ્રસંસાપાત્ર છે એમ પણ તેમને જણાવ્યુ હતુ

જિલ્લા કલેકટરશ્રી. નરેન્દ્રકુમાર મીનાએ શિક્ષકની વાત કરતા જણાવ્યું હતું કે, શિક્ષકના વાણી, વર્તન અને આચરણ વિધાર્થીઓ કરે છે શિક્ષકો દ્વારા અપાતુ મૂલ્યવર્ધિત શિક્ષણ થકી નયા ભારતની આધારશિલાનું નિર્માણ થઈ શકે, સારા શિક્ષક અભ્યાસ કરાવે છે અને શિક્ષક અભ્યાસને વર્ણવે અને શ્રેષ્ઠ શિક્ષક બાળકને પ્રેરણા આપે છે.. શિક્ષક થકી જ સમાજનો વિકાસ થઈ શકશે, એથી શિક્ષકોનું સમાજમાં યોગદાન મહત્વનું છે.

## ચોઈલામાં પૂર્વ ધારાસભ્યના પુત્રની વિદેશી દારૂ વેચાણમાં સંડોવણી

### બાયડ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધ્યો, આરોપી ફરાર

ભાજપના પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ ઝાલાના પુત્ર મનુ ઝાલાની વિદેશી દારૂ વેચાણમાં સંડોવણી બહાર આવી છે. ખેતરમાંથી ૧૮ બોટલ વિદેશી દારૂ મળી આવતાં પોલીસે રૂા.૫૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત લઈ કાર્યવાહી શરૂ કરી છે. અરવલ્લી જિલ્લામાં દારૂની બદી વધી છે. ખુદ પોલીસ સામે નવાં સ્ટેન્ડ શરૂ કર્યાના લોક આક્ષેપ શરૂ થઈ રહી છે. જેમાં ભાજપના બાયડના પૂર્વ ધારાસભ્યના પુત્ર મનુસિંહ ઝાલા ચોઈલા ગામ નજીક આવેલા કલાજીનીમુવાડી ગામના સીમના ખેતરમાં દારૂની બોટલો સંતાડી રાખી વેપલો કરી રહ્યો છે તેવી બાતમીના આધારે પોલીસે રવિવારે સવારે દરોડો પાડી ૧૮ બોટલ વિદેશી દારૂ જપ્ત લીધો હતો. પોલીસને દારૂનો વેપલો કરનાર ઈસમ મળ્યો ન હતો. ત્યારે લોક ચર્ચા એવી છે કે બાયડમાં પોલીસ માત્ર બુટલેગરો કહે તેટલાં જ ડગલાં ભરીને કામ કરે છે. અગાઉ બાયડના ભૂખેલ રોડ ઉપર પણ મહિલા અને તેના પરિવાર ઉપર જનૂની હુમલા પછી પણ પોલીસે યોગ્ય કાર્યવાહી કરવાના બદલે ચેપ્ટર કેસમાં સંકેલો કરી લીધો હતો. બાયડ તેમજ જિલ્લા પોલીસ માટે બાયડ તાલુકામાં ધમધમતા દેશી-વિદેશી દારૂના અડ્ડા સોનાના ઈંડાં આપતી મરઘી સમાન પૂરવાર થઈ રહ્યા છે. પૂર્વ ધારાસભ્યનો પુત્ર દારૂનો વેપલો કરતો હતો કે નહીં, ખેતરમાંથી વિદેશી દારૂ મળ્યો છે એટલે પોલીસ યોગ્ય તપાસ કરશે પરંતુ કોઈ નામચીન બુટલેગરના ધંધાને અસર થતી હોવાથી પોલીસે દરોડા પાડ્યાની ચર્ચાઓ પણ ગરમા ગરમ ચાલી રહી છે.

### સરળ સ્વભાવના પૂર્વ ધારાસભ્યનું નામ પુત્રએ બોળ્યું

શિક્ષક જીવ પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ ઝાલા તેમની તળપદી ભાષા અને કોઈને પણ સ્પષ્ટ ભાષામાં કહી દેવાનો બોલકો સરળ સ્વભાવ સૌને ગમે છે. રવિવારે ધારાસભ્યના પુત્ર મનુ ઝાલાનું નામ દારૂ વેપલાના પ્રકરણમાં સામે આવતાં સનસનાટી મચી ગઈ છે. અને આ અગાઉ પણ તેમના એક પુત્રનું નામ પેપર લીક પ્રકરણમાં ગાજ્યું હતું. સરળ સ્વભાવના પૂર્વ ધારાસભ્યનું નામ તેમના જ પુત્રો ખરાબ કરી રહ્યાની લાગણી તેમના વિશાળ સમર્થકોમાં સાંભળવા મળી રહી છે.

### પ્રાંતિજના પીલુદ્રા ખાતે આવેલ શ્રી નિલકંઠેશ્વર મહાદેવ દાદાની પાલખી યાત્રા નિકળી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પીલુદ્રા ખાતે આવેલ શ્રી નિલકંઠેશ્વર મહાદેવ દાદાની દરવર્ષ ની જેમ આ વર્ષે પણ દાદાની સવારી નિકળી હતી જેમા શીવ ભકતો દ્વારા દાદા ની પધરામણી ધરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેચી ને ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ તાલુકા ના પીલુદ્રા ખાતે આવેલ શ્રી નિલકંઠેશ્વર મહાદેવ દાદા ની દર વર્ષ ની જેમ આ વર્ષે પણ દાદા ની પાલખી સ્વરૂપે નગર યાત્રા કાઢવામા આવી હતી તો ચોદસ અને અમાસ એમ બે દિવસ પીલુદ્રા અને પાસે આવેલ રામપુર બન્ને ગામ મા દરેક સમાજ ના ધરે કોઈ પણ નાતજાત નો ભેદભાવ વગર શિવભકતો ના ધરે દાદાની પધરામણી કરાવવામા આવી હતી જેમા આ વર્ષે પણ શ્રી નિલકંઠેશ્વર મહાદેવ દાદાની સવારી દર વર્ષ ની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે કાઢવામા આવી હતી અને ગામમા આવેલ મંદિરો સહિત દુકાનો અને ધરે ધરે જઈ દાદા એ આશીર્વાદ આપ્યા હતા.

